# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

### પ્રેસનોટ

**સાઉથ(ઉધના) ઝોન-એ ના વિસ્તારોમાં તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૦૮/૦૬/૨૦૨૪ ના રોજ સવારે પાણી પુરવઠો અશતઃ અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ ધ્વારા સાઉથ(ઉધના) ઝોન-એ માં આવેલ ચીકુવાડી જળવિતરણ મથક ખાતેની ૧૨૧૯ મીમી વ્યાસની મુખ્ય એમ.એસ. નળીકા માંથી પસાર થતી ૭૫૦ મીમી **વ્યાસની નળીકા પર પીયુસ પોઈન્ટ પત્રકાર કોલોની નજીકના ફ્રુટઓવર બ્રીજ પાસે** લીકેજ રીપેરીંગ કરવાની અગત્યની કામગીરી તા.૦૭/૦૬/૨૦૨૪ શુક્રવારના રોજ સવારે ૮:૦૦ કલાકેથી હાથ ધરવામાં આવનાર હોવાથી **સાઉથ(ઉધના) ઝોન-એ માં આવેલ ચીકુવાડી જળવિતરણ મથક ધ્વારા અપાતો સાંજનો** જુના બમરોલી અને ગોવાલક વિસ્તારમાં તેમજ ટી.પી. ૫૮ (નવા બમરોલી) વિસ્તારમાં આવેલ ESR SE-18 નો સાંજનો નિયમિત પાણી પુરવઠો નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ નિયમિત આપી શકાય તેમ નથી તેમજ તા.૦૮/૦૬/૨૦૨૪ ના રોજ સવારે અપાતો પાણી પુરવઠો અંશતઃ અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવાની શકયતા રહેલ છે. **જેની જાહેર જનતાએ તકેદારી પૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી.** નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

**ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.**

| અ. નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી. | નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા. ૦૮/૦૬/૨૦૨૪ના રોજ પાણી પુરવઠો અંશતઃ અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવાની શકયતા રહેલ છે. |
|---|---|---|---|
| ! | સાઉથ ઝોન (ઉધના-એ) | ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય :- **જુના બમરોલી અને ગોવાલક વિસ્તારમાં તથા આશાપુરી સોસાયટી**, અપેક્ષા નગર, અંબિકા નગર, દેવેન્દ્ર નગર, ગણપત નગર, કરશન નગર, **હીરા નગર અને કર્મયોગી સોસાયટી અને સદર સોસાયટીઓનો આજુબાજુનો વિસ્તાર.**<br>ટી.પી. ૫૮ (નવા બમરોલી) વિસ્તારમાં આવેલ ESR SE-18 :-<br>**સાંજનો સપ્લાય :-** ગીતાનગર, **હરસિધ્ધીનગર, તુલસીધામ સોસાયટી,** રવિનગર, **સત્યનારાયણ** નગર, જયઅંબે નગર રામેશ્વરમ ગ્રીન, **રામેશ્વરમ હિલ્સ**, શૃંગલ રેસીડેન્સી, મરાઠા નગર, **કૈલાશ નગર અને સદર સોસાયટીઓનો આજુબાજુનો વિસ્તાર.** | ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક:- **સવારનો સપ્લાય** :- પાંડેસરા ગામતળ, હાઉસીંગ બોર્ડ, **અવિર્ભાવ સોસાયટી અને કૈલાશ** નગર અને આજુબાજુના વિસ્તાર. |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર યાદી ન. ૬૨ તા. ૦૪/૦૬/૨૦૨૪

\62\62.Docx